અભિનવ સ્વરૂપે પામું હું સદૈવ વિસર્જન

આ વાદ્યને કરુણ ગાન વિશેષ ભાવે

આખી માનવજાતનાં દુઃખોની રામબાણ દવા શોધવા રાજમહેલ છોડી તપ કરવા નીકળી પડેલા રાજકુમાર સિદ્ધાર્થ બોધિજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ બહુ જ પીડાદાયક મૃત્યુને ભેટે છે.એમને ભિક્ષામાં સુવરનું વાસી માંસ પિરસાયું હતું જેથી આજની ભાષામાં એ ફૂડપોઇઝનનો ભોગ બન્યા હતા

કુદરતને મન કશું જ સુખદ કે દુઃખદ નથી.એ હરખશોકથી પર છે. તટસ્થ છે.સાક્ષીભાવે બધું જોયા કરે છે. કદાચ બહેરી પણ છે અને મૂંગી પણ.એટલે એના ખોળામાં વિસ્મયપૂર્વક જન્મેલી અને ખીલેલી વનરાઈ કે માનવ સહિતની સજીવ સૃષ્ટિ- વૃક્ષ, પતંગિયાં,કીટક, સરિસૃપ ,જળચર,ખેચર કે હરણાંથી લઈ વાઘ,વરુ ને સિંહ જેવાં પ્રાણીઓ એની જ નજર સામે અકાળે કે કાળક્રમે કરમાઈ જાય કે કોઈ મોટા જીવનો આહાર બની જાય ત્યારે એ રડારોળ નથી કરતી.પોતાની જ કૂખે પેદા થયેલા અને લાડ લડાવી ઉછેરેલા સંતાનની અકાળે થતી વિદાયની માતમ નથી મનાવતી.એને મોદી જીતે કે મમતા હારે એથી કશો ફરક નથી પડતો.એ ચુપચાપ જનારને વિદાય આપે છે અને આવનારને આવકારે છે.આવનાર પણ કાયમી નથી એની એને ખબર હોય છે.એણે તો બિગબેન્ગના ધડાકા સાંભળ્યા છે, પછી ટ્રંપ, નેતન્યાહુ કે ઈરાની ફોજના ઈસ્લામિક ધડાકા શા હિસાબમાં હોય! એણે અબજો વર્ષો દરમિયાન ઘણી લીલી સૂકી જોઈ છે. એ જાણે છે કે જિંદગીની જેમ સુખદુઃખ પણ ક્યાં કાયમી હોય છે? એને કદાચ એના પોતાના સંભવિત અંતનો પણ અહેસાસ થયો હોવો જોઈએ.જેની શરૂઆત થઈ હોય એનો ક્યારેક તો અંત થાય જ ને! અને એ થવાનો જ હોય તો એનો આગોતરો અફસોસ કરવાનો અર્થ ખરો? પેલા ભજનમાં કહ્યું છે એમ 'જાહિ બિધિ રાખે રામ,તાહિ બિધિ' રહેવામાં જ શાણપણ છે.
: ।

કઠોર વાસ્તવિકતા એ છે કે કુદરતને ખબર હોય છેઃ એ જાણે છે કે કીડીથી કુંજર લગી દરેક અસ્તિત્વના લલાટે એની એક્સપાઈરી ડેટ લખેલી હોય છે. ચર્મચક્ષુથી એ વાંચી ભલે ના શકાતી હોય પણ એની સમજ તો બધાને હોય છે. ઓછી અક્કલ ધરાવતાં જીવજંતુ અને પશુપક્ષીઓ પણ કદાચ જાણતાં જ હશે કે આપણે એક દિવસ આ કામણગારી કાયાની માયા છોડવાની છે.એ જ્ઞાન એમને પોતાના જ પરિવારના કોઈ સદસ્યનો શિકાર થતો જોઈને કે એને વયસહજ મૃત્યુ પામેલ જોઈ થતું હશે.ઝાડ પણ નજીકના બીજા ઝાડને સુકાઈ જતું,વાવાઝોડાની હડફેટે ચડેલું કે ક્રૂર માનવજાત દ્વારા કટકે કપાતું જોઈ સમજી જતું હશે કે હવે પોતાની પણ ઘડીઓ ગણાઈ રહી છે.જાળમાં ફસાયેલી માછલીઓને એટલી તો ખબર પડે જ કે હવે આપણે આ જળનો વૈભવ છોડી વેચાવા,કપાવા અને રંધાઈ જવા જઈ રહ્યાં છીએ.

અંત હંમેશાં કરુણ જ હોય છે. પછી એ બાથરૂમમાં શાવરના પ્રવાહ સાથે ગટરમાં વહી જતી કીડીનો હોય કે ગોળીએ વીંધાઈ રામશરણ થતા રાષ્ટ્રપિતાનો. ભગવાન તરીકે પૂજાયા પછી પણ રામચંદ્રજીને સરયૂ માં સમાઈ જવું પડ્યું હતું , ધરતીમાંથી જડેલાં સીતાજીને અવતારકર્મ પૂર્ણ થતાં ફરીથી ધરતીમાં સમાઈ જવું પડ્યું હતું અને સકળ બ્રહ્માંડનું કાળ બનીને પોતાના મુખમાં વિસર્જન કરવાની ક્ષમતા ધરાવતા ભગવાન કૃષ્ણને વ્યાધના તીરે વીંધાઈ જવું પડ્યું હતું. આખી માનવજાતનાં દુઃખોની રામબાણ દવા શોધવા રાજમહેલ છોડી તપ કરવા નીકળી પડેલા રાજકુમાર સિદ્ધાર્થ બોધિજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ બહુ જ પીડાદાયક મૃત્યુને ભેટે છે.એમને ભિક્ષામાં સુવરનું વાસી માંસ પિરસાયું હતું જેથી આજની ભાષામાં એ ફૂડપોઇઝનનો ભોગ બન્યા હતા. કોઈને, ભલભલા ત્રિકાળજ્ઞાની મહાત્માઓને પણ ખબર નથી હોતી કે પોતાનો અંત ક્યાં,ક્યારે અને કેવી રીતે આવશે! એથી જ એ કાયાની માયા છોડીને પરમ ચેતનાને ખોળે બેસી જાય છે. ક્ષણભંગુર કાયાનો શો ભરોસો? એવી સમજણ સાથે એ સદેહે વિદેહી બની જવામાં શ્રેય સમજે છે. એટલું તો કહેવાતા અજ્ઞાની અને ભોગવાદી સહિત બધા જ સમજે છે કે જાયું તેને જવાનું છે, ભલે આજે નહીં તો કાલે.. કોઈ યાવચ્ચંદ્ર દિવાકરૌ ટક્યું

મનકા સિતાર
કેશુભાઇ દેસાઇ

નથી કે ટકવાનું નથી.અરે, વિજ્ઞાન તો હવે સૂર્યના મૃત્યુનો પણ વરતારો કરતું થઈ ગયું છે, ભલે કરોડો વર્ષ પછી, પણ એ જાગતા જોગંદરનેય એક દિવસ મરવાનું છે એ નક્કી છે.

આટલું જાણતા હોવા છતાં આપણે જીવનને કેવા મમત્વ સાથે વળગી રહીએ છીએ! દરેકનો અંજામ દુઃખદ હોવા છતાં આપણે એક એક ક્ષણને કાળજીથી સાચવીને માણી લેવાનું શાણપણ કેળવી લીધું છે. સંતો મહંતો અને જ્ઞાનીઓ એક અવાજે કહેતા રહે છેઃ કો જાને કલ કી? એટલે જે હાજર છે એ ભોગવી લો. વર્તમાનમાં જીવો.કાલે ભલેને આભ તૂટી પડે! કાલની ફિકર જ ના કરવી બલકે કરશો તોય જે થવાકાળ હશે એ તો થઈને જ રહેશે.'ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે!'

વહેવારુ દૃષ્ટિએ આ અભિગમ ખોટો નથી. અલબત્ત એમાં ભારોભાર શાણપણ છે, જોકે દેખીતી રીતેજ એમાં આત્મવંચના છે. પરંતુ એટલે શું આપણે નકારાત્મક અંતનું સ્મરણ કરી કરી વર્તમાનની સુખપ્રદ ક્ષણો વણભોગવી વહી જવા દેવી? માનવીની અપ્રતિમ આત્મશક્તિ અને ભોગવૃત્તિએ ઉત્ક્રાંતિની હજારો લાખો વર્ષોથી એકધારી ચાલતી મથામણના અંતે એને જીવનના રસકસ નિચોવી નાખવામાં જ શ્રેય છે એવું બરાબર ઠસાવી દીધું અને જિંદગીની કરુણાંત કથાનો અંજામ ભલે દુઃખદ હોય છતાં એને નજરઅંદાજ કરી દેવામાં શાણપણ છે એવું શીખવ્યું.એ મરણની પરવા કર્યા વિના મચ્યો રહ્યો એટલે જ પ્રગતિનાં અવનવાં સોપાન સર કરી શક્યો.

એણે કુદરત સાથે સમન્વયપૂર્વક જીવવા કરતાં એને પડકારવાની હિંમત કેળવી જેના પરિણામે આજે એ અંતરિક્ષમાં વસવાટ કરવાનો, ક્યારેક ગાંડોઘેલો લાગે એવો વિચાર પણ બહુ જ નજીકના ભવિષ્યમાં અમલમાં મૂકી શકવાની ક્ષમતા ધરાવતો થઈ ગયો છે. જો આપણો એ પૂર્વજ પહેલાંથી જ નિરાશાજનક ફિલસૂફીની ચુંગાલમાં ફસાઈ ગયો હોત તો આપણે આજે પણ ગુફાઓમાં જ વસતા હોત અને સાવ પ્રાકૃત, કહેવાતી સાત્ત્વિક ઈશ્વર આશ્રિત જીવન શૈલી અપનાવીને ચુપચાપ ભગવાનના નામની માળા ફેરવતા હોત.આપણા ભાગનો આપણને મળેલો સમય ભજન કીર્તન પાછળ જ વેડફતા હોત..બહુ બહુ તો જેને ક્યારેય જોયો નથી કે જોવાના નથી એવા સંતોએ સમાધિ દરમિયાન જોયેલા પરમ તત્ત્વની પ્રશસ્તિમાં કવિતાઓ કે વાર્તાઓ લખી વ્યતીત કરતા હોત.વિજ્ઞાને માનવીને એની અપરિમિત શક્તિનો અહેસાસ કરાવ્યો છે એટલે હવે એ જરૂરી લાગે ત્યારે ઈશ્વર સાથે પણ બાથ ભીડતાં ગભરાતો નથી.એ પોતાની શારીરિક અને માનસિક મર્યાદાઓ જાણે છે, એને બરાબર ખબર છે કે છે પાછું ઠેલવા લાખ કોશિશ કરશે તો પણ ઘડપણ તો આવવાનું જ છે અને પછી એક દિવસ છાતીમાં લાંબા સમયથી ફફડાટ કરતો હંસલો ચુપચાપ અનંતની વાટે ઊડી જશે.વિજ્ઞાનની મદદથી આયુષ્યની અવધિ જરૂર વધારી શકાય છે પરંતુ મોડું વહેલું મોત તો બારણે ટકોરા દેવાનું જ છે.એ બધું સુપેરે સમજતો હોવા છતાં, જિંદગી નામની જણસ સાથે સંકળાયેલી તમામ મર્યાદાઓથી બંધાયેલો હોવા છતાં ' રહ્યાં વર્ષો ' દરમિયાન એ કંઈક એવી નવી સિદ્ધિ હાંસલ કરીને વિદાય થવા માગે છે જે ભવિષ્યની પેઢીને વધુ સુવિધાસભર જિંદગી જીવવાની તક પૂરી પાડી શકે.

એટલે એ પેલા કરુણ અંજામની ફિકર કર્યા વગર કે ધર્મશાસ્ત્રોમાં વર્ણવાયેલી પરલોકની ફેન્ટસીમાં રાચ્યા વગર એના ભાગનો સમય સાર્થક રીતે વાપરવા કોશિશ કરતો રહે છે.જોશીડાના વરતારા મુજબ કાલે જ હાર્ટ એટેકથી મૃત્યુ આવવાનું હોય તોય શું આજની રાતની કામલીલા નહીં માણી લેવાની? એનું મન સતત વધુ ને વધુ તાર્કિક બની ભૌતિક સુખ ભોગવવા સજ્જ બનતું જાય છે.એ મૃત્યુ પર વિજય મેળવી સૃષ્ટિની તમામ સંપદા હસ્તગત કરવા આતુર બની ગયો છે.નચિકેતા જેવા આધ્યાત્મિક બોધથી એ સંતુષ્ટ નથી થવા માગતો.

એને સાચેસાચું અમરત્વ ખપે છે.એથી ચંદ્ર પર વસવાટ કરવાનું સપનું બતાવતા ઈલોન મસ્ક પ્રત્યે એને આદર જાગે છે.એની અંતરિક્ષમાં કોલોની સ્થાપવાની કલ્પનાને હવે એ ગંભીરતા પૂર્વક લેવા લાગ્યો છે.એ પણ ચાર્લી ચૅપ્લિનની જેમ સૃષ્ટિના સર્જનહારને આ પૃથ્વી નામના ગ્રહ પર પોતાની યાત્રાની વિધિસર વ્યવસ્થા કરનાર ટ્રાવેલ એજન્ટ જ માને છે.ગુણવંત શાહનું સૂત્ર અજાણપણે એણે અમલમાં મૂકી દીધું છેઃ 'મરો ત્યાં સુધી જીવો!'

એ મોતને વેંત છેટું ભાળે છે છતાં જીવવાની હામ છોડવા તૈયાર નથી.. મૃત્યુ જ એને માટે એક મરી ગયેલી ઘટના બની જાય પછી શાનો ડર? એણે રમણીય કલ્પનાસૃષ્ટિ રચીને પુનર્જન્મની આશ્વાસક કથા તો છેક ઉપનિષદ કાળથી આત્મસાત કરી લીધી છે. અંત તો ફક્ત ખોળિયું બદલવાની ક્ષણિક ઘટના છે.જેવો દેહ છોડી દીધો કે તરત કોઈ નવા ગર્ભાશયમાં સ્થાપના થવાની જ છે.એટલે મરણ આવતું દેખાય ત્યારે એ નર્મદની વાણી લલકારી શકે છેઃ નવ કરશો કોઈ શોક, રસિકડાં! નવ કરશો કોઈ શોક!

એક મહિલા પોલીસ કમિશનર જ્યારે સાદા વેશમાં મોડી રાત્રે લોકો વચ્ચે ગયાં

અબીલ ગુલાલ
જયવંત પંડયા

"હેમેરુ ઇલ્લુ મરુતુન્નરાઆ?" (એય, ચલતી ક્યા?)

"ઓકા રાત્રિકિ મી ધરા એન્તા?" (તારો એક રાતનો ભાવ શું છે?)

"નુવ્વુ ના સ્નેહિતુદિવી અવુતાવા?" (મારી સાથે મિત્રતા કરીશ?)

આ કાલ્પનિક છે, પણ કંઈક આવી જ વાતો એક મહિલા સાથે તેઓ મોડી રાત્રે સાડા બારથી સાડા ત્રણ કલાક દરમિયાન બસ મથક પર ઊભાં હતાં ત્યારે ત્રણ કલાક દરમિયાન થઈ હશે. વિચાર કરો કે એ ત્રણ જ કલાકમાં, ૪૦ પુરુષોએ તેમનો સંપર્ક સાધ્યો.

આ મહિલા વીરાંગનાનું નામ છે સુમતિ. તેઓ પોલીસમાં છે અને કોઈ નાના પદ પર નહીં. તેઓ હૈદરાબાદના સી.પી. એટલે કે પોલીસ આયુક્ત છે! હજુ તો ગઈ ૧ મેએ જ તેમણે આ પદનો કાર્યભાર સંભાળ્યો. તેમણે વિચાર્યું કે મહિલાઓને રાત્રે યાત્રા કરતી વખતે કેવા-કેવા અનુભવો થતા હશે તે તો કલ્પી શકાય છે, ઘણાના અનુભવો જાણવા પણ મળે છે, પરંતુ જાત અનુભવ કરીએ તો વધુ સચોટ માહિતી મળે.

અને એટલા માટે તેમણે જાતે-પોતે મોડી રાત્રે બસ મથક પર, તે પણ કોઈ પ્રકારની પોલીસ સુરક્ષા કે સત્તાવાર વાહન વગર, આ અનુભવ મેળવવાનું વિચાર્યું. આ વ્યાયામ દરમિયાન માત્ર ત્રણ જ કલાકમાં એક-બે નહીં, પૂરા ૪૦ પુરુષોએ તેમનો સંપર્ક સાધ્યો. તેમાંના મોટા ભાગના એકદમ સજાગ એટલે કે નશા વગરની સ્થિતિમાં હતા. કેટલાક લોકો ગાંજાની અસર હેઠળ હોય તેવી પોલીસને શંકા છે.

આ લોકોની આયુ કેવડી હતી? તેમાંના મોટા ભાગના યુવાન હતા. તેમાં વિદ્યાર્થીઓ અને કામકાજી લોકો પણ હતા. સ્વાભાવિક જ, તેમાંના કોઈને દૂર-દૂર સુધી કોઈ શંકા નહોતી કે તેઓ એક મહિલા આઈપીએસ અધિકારી સાથે આ પ્રકારની વાત કરી રહ્યા છે અને તેનું શું પરિણામ આવી શકે છે. બાદમાં પોલીસે સ્વાભાવિક જ, આ લોકોની ઓળખ કરી પરંતુ તેમની સામે અપરાધિક કેસો નોંધવાના બદલે તેમનું માર્ગદર્શન કરવામાં આવ્યું. તેમને જાહેર સ્થળોએ મહિલાઓ સાથે તેમના વર્તન સંદર્ભે કડક ચેતવણી આપવામાં આવી. પોલીસનો ઉદ્દેશ્ય તેમને કડક સજા આપવાના બદલે તેમનામાં સુધારો થાય અને મહિલા પ્રત્યે વર્તન અંગે જાગૃતિ આવે તે જોવાનો હતો.

આ કાલ્પનિક છે, પણ કંઈક આવી જ વાતો એક મહિલા સાથે તેઓ મોડી રાત્રે સાડા બારથી સાડા ત્રણ કલાક દરમિયાન બસ મથક પર ઊભાં હતાં ત્યારે ત્રણ કલાક દરમિયાન થઈ હશે. વિચાર કરો કે એ ત્રણ જ કલાકમાં, ૪૦ પુરુષોએ તેમનો સંપર્ક સાધ્યો

સુમતિજીના આ કાર્ય બદલ હૈદરાબાદના નિવાસીઓ, વિશેષ તો મહિલાઓ, તેમના ભરપેટ વખાણ કરી રહી છે. તેમણે જાતને જોખમમાં મૂકીને એક એકલી મહિલાને કેવો અનુભવ થાય છે તે જોયું. લોકોએ કહ્યું કે આ સાહસપૂર્ણ કાર્ય હતું અને આવું કોઈ કરતું નથી. પરંતુ સુમતિજીએ આવો વ્યાયામ પહેલી વાર હાથ નહોતો ધર્યો. રપ વર્ષ પહેલાં પણ તેઓ ડીએસપી તરીકે કઝિપેટ રેલવે મથક પાસેના વિસ્તારમાં આ પ્રકારનો છુપા વેશમાં વ્યાયામ કરી ચૂક્યા છે.

સુમતિજીનું ઉદાહરણ દર્શાવે છે કે જો પોલીસ, આઈએએસ, અન્ય વિભાગના સરકારી કર્મચારીઓ, રાજકારણીઓ ધારે તો વહીવટ, પ્રશાસન, કામગીરી સુધારવા અને જીવના જોખમે પણ સાચો પ્રતિસાદ મેળવી શકે છે. પરંતુ થયું છે શું? મોટા-મોટા પોલીસ અધિકારીઓ પોતાની એસી ચેમ્બરમાંથી બહાર નીકળતા નથી. મોટા-મોટા આઈએએસ અધિકારીઓ નીતિ તો બનાવી નાખે છે પરંતુ તે નીતિના પડઘા શું પડશે તેનું પરિણામ વિચારતા નથી. તેના માટે લોકો વચ્ચે જઈને અભિપ્રાયો મેળવતા નથી. નીતિ અંગે પહેલેથી જાગૃતિ અભિયાનો ચલાવાતાં નથી. દા.ત. વચ્ચે દિલ્લીમાં એક નિર્ણય લાગુ કરવામાં આવ્યો. પંદર વર્ષ કરતાં જૂનાં વાહનોને પેટ્રોલ પંપ પર પેટ્રોલ નહીં મળે. આ નિર્ણય એવા મોટા નિર્ણયના અમલના ભાગ રૂપ હતો જેમાં સરકારે પંદર વર્ષ જૂનાં વાહનને ભંગારમાં મોકલવાનો નિર્ણય કર્યો હતો. તેનો મોટો હેતુ પ્રદૂષણનો કહેવાય છે. પરંતુ તે કોઈએ અમલમાં ન મૂક્યો એટલે લોકોનું નાક દબાવવા લિટમસ ટેસ્ટ તરીકે રાજધાની દિલ્લીમાં પેટ્રોલ પંપ પર આવાં વાહનોને પેટ્રોલ નહીં મળે તેવો તઘલખી નિર્ણય કરાયો.

લોકોનો રોષ જબરદસ્ત નીકળ્યો, એટલે સરકારે પેટ્રોલનો નિર્ણય પાછો ખેંચવો પડ્યો. વિચાર કરો, કે કેટલો આડેધડ અને ઉતાવળે લેવાયેલો નિર્ણય! આવો નિર્ણય અગાઉ પણ લેવાયો હતો કે એકી-બેકી સંખ્યાવાળી ગાડીને અનુક્રમે એકી અને બેકી તારીખે મંજૂરી મળશે. આ નિર્ણય પણ પ્રદૂષણ ઘટાડવામાં સફળ ન થયો.

વાયુના પ્રદૂષણ માટે મુખ્યત્વે ઔદ્યોગિક પ્રદૂષણ, વાહનોમાંથી થતું ઉત્સર્જન, એસી, સતત ચાલતા ભવન બાંધકામો, વગેરે અનેક બાબતો છે, પરંતુ માત્ર મધ્યમ વર્ગને હેરાન કરે તેવો પંદર વર્ષ જૂનો વાહનનો નિર્ણય લેવાથી કે એકી-બેકી કરવાથી પ્રદૂષણ ઘટે ખરું? એકી-બેકી કરવા માટે જાહેર પરિવહન સુધારવું પડે અને પંદર વર્ષથી વધુ આયુનું વાહન કોઈ ચલાવે કેમ? તે મેઇનટેનન્સ ઓછું માગતું હોય તો જ ચલાવે ને. મેઇનટેનન્સ ઓછું મગાતું હોય તો તેનો અર્થ એ કે તે પ્રદૂષણ ઓછું ફેલાવતું હોય.

એક વાહન ખરીદતાં, એક ઘર બનાવતાં આજે પણ એક આખું જીવન વિતી જાય છે. લોકો હવે કોઈ વિકલ્પ નથી તેથી ઘરમાં પુખ્ત સભ્યો દીઠ એક સ્કૂટર અને બહુ-બહુ તો બે કાર વસાવે છે. પરંતુ એક કાર ઓછામાં ઓછા સાડા ત્રણ લાખમાં તો આવે છે. એક એક્ટિવા ૮૦ કે ૮૫ હજારમાં પડે છે. આ નાની રકમ નથી. લોકો બચત કરી-કરી અને ઘણી વાર તો લોન પર સ્કૂટર ખરીદે છે. તેવામાં બરાબર સાચવ્યું હોય અને સમયે-સમયે સર્વિસ કરાવી હોય તેવા વાહનને માત્ર પંદર વર્ષ કે તેથી વધુ જૂનું છે તેથી પેટ્રોલ નહીં આપવાનું? તેને ભંગારમાં કાઢી નાખવાનું?

અપવાદોને બાદ કરીએ તો, રાજાઓ પાસે લોકોના ફીડબેકની સારી વ્યવસ્થા રહેતી હતી. તેમના ગુપ્તચરો આ જ કામ કરતા. રાજાઓને શાસન જવાનો ભય ઓછો હતો. એટલે તેમને વિરોધીઓ અને પોતાના લોકો પર દૃષ્ટિ રાખવી પડતી પરંતુ ગુપ્તચરો સામાન્ય લોકો વચ્ચે ફરતા હોય તેથી નિર્ણયોના પ્રભાવની જાણકારી આપતા રહેતા. તેથી નિર્ણયો સુધારી કે પાછા ખેંચી લેવાતા. પરંતુ લોકતંત્રમાં નિર્ણય લેવો અને તેનો અમલ કરાવવો તે પ્રતિષ્ઠાનો વિષય બની જાય છે. શાસક પક્ષ હોય કે અધિકારી, તેમને થાય છે કે ગમે તેમ નિર્ણય કેમ અમલી ન બનાવી શકાય? લોકોને તો વાળો તેમ વળે. એવું નથી હોતું. રાજા વિક્રમની આવા છુપા વેશે ભ્રમણ કરવાની તો અનેક વાર્તાઓ છે.

માત્ર નિર્ણયની જ વાત નથી. છૂપા વેશે આવા અનુભવ કરવાથી નીતિ-નિર્ણયોની શું અસર છે, અપરાધો કેવા-કેવા ઘટે છે, લોકો શું વિચારે છે તે જાણવાનું મળે. લોકોમાં ઉપાયોની પણ ચર્ચા થતી હોય જે અધિકારીઓના ટેક્સ્ટબુક ઉપાયો કરતાં વધુ સચોટ હોય, તે પણ લોકો વચ્ચે ફરવાથી જાણવા મળે. સુમતિજી જેવાં દૃષ્ટાંતો ભારતમાં વધે તે ઇચ્છનીય છે.

અનુસંધાન પાના એકનું

બહુશ્રુત

આમાંનુ કશું ય ઉપરછલ્લું કે કરવા ખાતર નહોતું કરાયું. પશ્ચિમી વિચારો ભારતને એક્ઝોટિક ગણે છે અને આપણે તેમને આપણી કળાના મૂળિયાં, તેની મક્કમતા અને પ્રભાવનો પરિચય કરાવ્યો. આપણો વારસો અને સંસ્કૃતિ કેટલાં દમદાર છે તે તેમને દેખાડવાનો આ મોકો હતો અને ભારતે એ કરી બતાવ્યું.

મેટ ગાલા હવે માત્ર કળા પૂરતું મર્યાદિત નથી, તે આર્થિક તાકાતનું પ્રદર્શન છે. મેટ ગાલા પૈસા પર ચાલે છે. તેની ટિકિટ્સ વ્યક્તિ દીઠ 10,00,000 ડોલર્સ પર પહોંચી હતી જે ગયા વર્ષે 75000 ડોલર્સ હતી.

આખું વર્ષ કન્વેન્શનલ એડવર્ટાઇઝિંગ પર જેટલો ખર્ચો થતો હોય તેની સામે આ એક સાંજ પર થતો ખર્ચ વાર્ષિક બજેટને ટક્કર મારે તેવો હોય છે. આ માત્ર સુંદર મોંઘા કપડાં નથી, આ માર્કેટ પોઝિશનિંગ છે. મેટ ગાલાએ સૌથી મોંઘું પણ સૌથી લાયક બિલબોર્ડ છે. બ્રાન્ડ્સ માટે આ સૌથી મોટું વૈશ્વિક પ્લેટફોર્મ છે. ભારતીય લક્ઝરી ફેશન જ્યારે આ સ્તરે પહોંચે છે, ત્યારે તે સાબિત કરે છે કે આપણી કારીગરી વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ અને સુસંસ્કૃત છે.

નીતા અંબાણી આજે મેટ્રોપોલિટન મ્યુઝિયમના બોર્ડમાં પ્રથમ ભારતીય ટ્રસ્ટી તરીકે સ્થાન ધરાવે છે. આવું દોઢસો વર્ષમાં પહેલીવાર થયું છે. આ પદ તેમણે વર્ષોની સંસ્થાગત પકડ અને આયોજનબદ્ધ ફિલાન્થ્રોફી દ્વારા મેળવ્યું છે. તેમના સ્વદેશ ફાઉન્ડેશન દ્વારા કોશ્ચ્યુમ ઇન્સ્ટિટ્યૂટને મળેલી આર્થિક સહાય અને મ્યુઝિયમના નેતૃત્વ સાથેના સંબંધોએ ભારતને 'સીટ એટ ધ ટેબલ' અપાવી છે. હવે એક ભારતીય પાસે એ નક્કી કરવાની સત્તા છે કે કઈ સંસ્કૃતિઓની વાર્તા આ મ્યુઝિયમની દીવાલો પર કહેવાશે.

આ સાચો 'સોફ્ટ પાવર' છે. જ્યારે ભારત સરહદો પર ભૌતિક પડકારોનો સામનો કરી રહ્યું છે, ત્યારે સાંસ્કૃતિક મોરચે તે વિશ્વને નેતૃત્વ પૂરું પાડે છે. ગ્લોબલ સોફ્ટ પાવર ઇન્ડેક્સમાં ભારત ૩૨મા ક્રમે હોવા છતાં, જ્યારે પોતાની શરતો પર રજૂ થાય છે, ત્યારે તે વિશ્વના સાંસ્કૃતિક નકશા પર છવાઈ જાય છે.

વર્તમાન પરિપ્રેક્ષ્યમાં આનો અર્થ સમજવા જેવો છે. અત્યારે ભારત એક તરફ સરહદો પર લશ્કરી પડકારો ઝીલી રહ્યો છે તો બીજી તરફ પેચીદાં રાજદ્વારી સંબંધો અને લોકશાહીની આંતરિક ખેંચતાણમાં તે અટવાયેલો છે. આ બધાંની વચ્ચે એક આંકડો જોવા જેવો છે કે, 'ગ્લોબલ સોફ્ટ પાવર' ઇન્ડેક્સમાં ભારત 32મા સ્થાને છે. હા, આ કંઇ બહુ આગળનો આંકડો નથી, મધ્યમ સ્તર છે પણ છતાં આ વર્ષે મે મહિનાના પહેલા સોમવારે ભારતીય ડિઝાઇનરો બેસ્ટ ડ્રેસ્ડ લિસ્ટમાં છવાયેલા રહ્યાં, કારીગરોને વાહવાહી મળી અને વિશ્વનાં સૌથી પ્રખ્યાત મ્યુઝિયમના પગથિયાં પર ભારતની પરંપરાગત કળા, સર્જકો અને કારીગરી ગુંજી ઉઠી.

અનુસંધાન પાના એકનું

નો નોનસેન્સ

એજન્ડા ન હોઈ શકે, રાષ્ટ્રીય એજન્ડા હોવો જોઈએ. માટે કમસેકમ ભારતીય રાષ્ટ્ર નામનું બાળક ઘોડિયામાંથી બહાર નીકળીને બે પગે ચાલતું ન થાય ત્યાં સુધી પવિત્ર ભારતીય રાષ્ટ્રીયતાને સત્તાના સંસદીય રાજકારણથી દુષિત ન કરવું જોઈએ. સત્તાના રાજકારણનો સ્વભાવ જ વિભાજનકારી છે. ટૂંકમાં રાષ્ટ્રીય સર્વસમાવેશકતા અને રાષ્ટ્રીય સર્વસંમતીનો તેમણે આગ્રહ રાખ્યો હતો. કમસેકમ દાયકો-બે દાયકા વિભાજનકારી રાજકારણ ન કરવામાં આવે.

તો વાતનો સાર એ કે ગાંધીજીને એ વાતનો વાંધો હતો કે આ સંગઠન સાધનશુદ્ધિમાં માનતી નથી, ગમે તે માર્ગ અપનાવવામાં અને ગમે તેનો ઉપયોગ કરવામાં તેઓ સંકોચ અનુભવતા નથી અને પોતે સામી છાતીએ મેદાનમાં ઊભા રહેતા નથી.

આવા લોકો ગમે ત્યારે ગમે તેને છેતરી શકે છે. જવાહરલાલ નેહરુને એ વાતનો વાંધો હતો કે ફાસીવાદી ગમે એટલો કમજોર હોય એ જોખમી જ છે અને ઝેરનાં પારખાં કરવાનાં ન હોય. વિનોબા ભાવેને એ વાતનો વાંધો હતો કે આ સંગઠનનો પ્રોજેક્ટ હિન્દુ માઈન્ડ છે. તેઓ ઉદારમતવાદી માનવતાવાદી હિન્દુ પીંડને અને હિન્દુ માનસને બદલવા માગે છે.

તમે એ તો જાણો જ છો કે વર્તમાન શાસકો અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગાંધીજીની, સર્વોદય વિચારધારા અને તેની સંસ્થાઓની અને નેહરુ તેમ જ નેહરુનિર્મિત સંસ્થાઓની જેટલી બદનામી કરે છે અને જેટલા પ્રમાણમાં તેને ખતમ કરવા પ્રયત્નશીલ છે એટલી પ્રયત્નશીલતા બીજા કોઈની બાબતે નહીં જોવા મળે.

કારણ? કારણ કે હિન્દુ ફાસીવાદનું વારણ ગાંધી-નેહરુ-વિનોબામાં છે.

પણ ખાટલે ,મોટી ખોડ એ રહી કે આ વાત બીજા લોકોને સમજાતી તો હતી, પણ તાત્કાલિક સત્તાકીય ગણતરીઓને અને સાચાખોટા ભયને તેમણે વધારે મહત્ત્વ આપ્યું. ભારતીય રાજકારણે હિન્દુ ફાસીવાદને ઉછેરવાનું કામ કર્યું. બીજું, હિન્દુ પીંડ કેમ બદલાયો? હિન્દુ માનસ કેમ બદલાયું? વેદ ઉપનિષદ મહાવીર અને બુદ્ધે તેમ જ મધ્યકાલીન સંતો અને સૂફીઓએ ઉછેરેલો હિન્દુ ક્યાં ગયો?

આની ક્રમશઃ વિગતો હવે પછીના લેખોમાં આવશે.